

email print add to clipping

ટહુકો ડોટ કોમઃ સૂર અને શબ્દનો સુમધુર સંગમ

હસમુખ બારોટ

ન્યુ યોર્કઃ 'ટહુકો' એટલે પંચમ સૂરની અભિવ્યક્તિ... ગુજરાતી કવિતાની નિતનવી રચનાઓ રજૂ કરીને કાવ્યરસિકોને રસાનુભૂતિ કરાવતા ટહુકોના નિર્માત્રી જયશ્રીબેન ભક્ત અભિનંદનને પાત્ર છે.તેઓ કાવ્યરસિક છે, એટલું જ નહિ, સંમાર્જિત અભિરુચિ ધરાવતા કાવ્યપારખુ છે., કાવ્યપ્રેમી છે.કશાય દુરાગ્રહ- પૂર્વગ્રહ વિના રસિકતાના માપદંડથી ગમતી કવિતાને પોર્ટલમાં મૂકવાનો અભિગમ તેમણે અપનાવ્યો છે તે યોગ્ય છે. ગુજરાતી કવિતાનો વિશાળ ચાહકવર્ગ છે. કક્કાવારી પ્રમાણે કવિઓના નામ અનુસાર તેમની કૃતિઓ વાંચવા મળે એવી ગોઠવણ છે. વળી કેટલીક જાણીતી કાવ્ય-ગીત રચનાઓ અને કેટલીક નવી કહી શકાય એવી ગીતકૃતિઓ ટહુકો રેડિયો પર સાંભળવા - માણવા મળે તેવી વ્યવસ્થા પણ છે.'ગમતું મળે તો અલ્યા , ગુંજે ના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ..'ની ભાવના અહીં વ્યક્ત થાય છે.. આધુનિક કાવ્યો, ગીતો, ગઝલો, અછાંદસ અને સાથે સાથે જૂના લોક ગીતો, ભજનો અહીં માણવા મળે છે. આ ટહુકો ઠેઠ હૃદયમાં પ્રવેશે છે..

વાચકને- ભાવકને કાવ્ય કૃતિ વાંચીને કે સાંભળીને પોતાનો પ્રતિભાવ લખવાની પણ સુવિધા છે. ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોઃ કવિતા, નવલિકા કે નિબંધ આદિના પોર્ટલ પણ ઉપલબ્ધ હશે. અનેક નવોદિત સર્જકોએ પોતાની વેબસાઈટ પણ રજૂ કરી છે. હવે ઓનલાઈન પર ગુજરાતી ભાષામાં ઘણું ઘણું સુલભ છે. સહજ ઉપલબ્ધ છે.

આ બધામાં ટહુકો ડૉટ કોમનું અનેરું સ્થાન છે. ગુજરાતી કવિતાના ચાહકો માટે આનંદભરી ઉપલબ્ધિ છે. એ સદાય ગુંજતો રહે.. અસ્તુ!

pressmart world's online press.

www.pressmart.net ePaper solution from www.bodhtree.com

